# સુભાષ ગાર્ડન પાસે દોડતી કાર સળગી ઊઠી




**ચાલક** સમયસૂચકતા વાપરીને ઊતરી જતાં બચાવ

સુરતઃ મોરાભાગળ સ્થિત સુભાષ ગાર્ડન વિસ્તારમાં સોમવારે બપોરે રસ્તા ઉપર દોડતી એક કારમાં આગ લાગવાની ઘટના બની હતી. દરમિયાન કારનો ચાલક તેમાથી ઉતરી જતા તેનો જીવ બચી ગયો હતો.

બાદમાં ફાયર કંટ્રોલને તેની જાણ કરાતા અડાજણ ફાયર સ્ટેશનની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ આજે બપોરે 12:30 કલાકે ભદ્રેશભાઈ કાપડિયા તેમની કાર લઈને મોરાભાગળ સુભાષગાર્ડન નજીકથી પસાર થઈ રહ્યાં હતા. દરમિયાન કારનાં બોનેટમાંથી એકાએક ધૂમાડા નીકળવા લાગેયા હતા જેથી તેઓ કારમાંથી ઉતરી ગયા હતા.

ત્યારબાદ ફાયર કંટ્રોલને બનાવની જાણ કરવામાં આવી હતી તેથી મોરાભાગળ ફાયર સ્ટેશનનો કાફલો તરત જ સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર ઓફિસર ગિરિશ સેલરનાં જણાવ્યા મુજબ કારનાં બોનેટનાં વાયરિંગ માં સ્પાર્ક થયા બાદ આગ લાગવાની શરૂઆત થઈ હતી તેથી સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કાબૂ કરી લેવામાં આવ્યો હતો.

# વરાછા કો.ઓ. બેંકની ચૂંટણીઃ 51 ઉમેદવારી પત્રોમાંથી 49 માન્ય રહ્યા

**15 બેઠકો** માટે 49 ઉમેદવાર રહેતા ફોર્મ ખેંચાવવા ભારે દોડધામ

**આજે** ઉમેદવારી પરત ખેંચવાનો અંતિમ દિવસ

સુરતઃ સુરત શહેરની અગ્રણી સહકારી બેંક પૈકીની એક ધી વરાછા કો-ઓપ બેંક લિ.ની સંચાલક મંડળની ચૂંટણીને લઈ સૌરાષ્ટ્રવાસી સમાજમાં ગરમાટો જોવા મળી રહ્યોં છે. આજે ચૂંટણી કમિટી દ્વારા ઉમેદવારી ફોર્મની ચકાસણી થઈ હતી. એમાં 2 ફોર્મ રદ કરવામાં આવ્યાં હતા. જ્યારે 49 ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા હતા.

આવતીકાલે 24 માર્ચે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી 15 બેઠકો માટે બાકી રહેલા 49 ઉમેદવાર પૈકી 25થી 30 ફોર્મ પરત ખેંચાવવા ભારે દોડધામ જોવા મળી રહી છે. કાલે ઉમેદવારી પરત ખેંચવાનો અંતિમ દિવસ એ જોતાં આજે દિવસભર સમાજના આગેવાનોએ ઉમેદવારોને સમજાવી ફોર્મ પરત ખેંચાવવા દબાણ આણ્યું હતું. એ પૈકી કેટલાક માની ગયા હોવાનું જાણવા મળ્યું છે. જોકે ચિત્ર કાલે સાંજે જ સ્પષ્ટ થશે.

10 વર્ષથી વધુ સમય ડિરેક્ટર રહેલા બેંકના વિકાસના શિલ્પીઓ નવા સહકારી બેન્કિંગ કાયદાને લીધે ચૂંટણી લડી રહ્યાં નથી. તેઓએ અન્ય આગેવાનોને મેદાનમાં ઉતાર્યા છે. સહકારી બેંકોમાં બોર્ડ ઓફ ડિરેક્ટર અને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં બહારથી લેવાતા સભ્યો, નિષ્ણાતોની સિસ્ટમ કાર્યરત છે. કેટલાક પ્રભાવશાળી ઉમેદવારોને બેસાડવા તેઓને બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM) માં લેવાની હૈયા ધરપત આપી માનવી લેવામાં આવ્યા છે. મત વિભાજન ન થાય એ માટે મતદારોમાં ઓછો વત્તો પ્રભાવ ધરાવનાર ઉમેદવારોને પોતાની તરફેણમાં દાવેદારી પરત ખેંચાવવા સંભવિત પેનલ લાગી છે. ઉમેદવારોની સંખ્યા જોતા ચૂંટણી ટળે એવી શક્યતા ઓછી જણાય છે પણ સત્તાધારી પક્ષની પેનલ સામે બીજી પેનલ આખી નહીં રહે, ગણ્યા ગાંઠ્યા હરીફ ઉમેદવારો જ બચે એ માટે વગદાર આગેવાનો ઉમેદવારોને ફોર્મ પાર્ટ ખેંચાવવા કામે લાગ્યા છે. વરાછા બેન્કની 15 પૈકી 12 સામાન્ય બેઠક, 2 મહિલા અનામત બેઠક અને એક એસ.સી/એસટી માટેની અનામત બેઠકની ચૂંટણી માટે 65,000 સભાસદો 5મી એપ્રિલે મતદાન કરશે અને 7મી એપ્રિલે મતગણતરી સાથે પરિણામ જાહેર કરાશે.

અત્યાર સુધી આ બેંકમાં આટલી રસપ્રદ ચૂંટણી કયારેય યોજાઇ નથી. હવે કેટલાક યુવાનોએ પણ ઉમેદવારી કરી છે.

## 2500 કરોડની સામે રૂ.1732 કરોડની વેરા વસૂલાત થઈ

સુરતઃ સુરતમનપાની કુલ રૂ.2500 કરોડની મિલકતવેરાની ડિમાન્ડ સામે અત્યાર સુધીમાં રૂ.1732 કરોડની વસૂલાત કરવામાં તંત્ર સફળ રહ્યું છે. આ કુલ ડિમાન્ડ પૈકી રૂ.1717 કરોડ રનિંગ બિલના છે, જેમાંથી અંદાજે રૂ.1500 કરોડ વસૂલાયા છે. જોકે, પાછલી બાકીના રૂ.800 કરોડના વેરા સામે માત્ર રૂ.132 કરોડ જ જમા થયા છે. હવે જ્યારે માર્ચ પૂર્ણ થવાને માત્ર એક સપ્તાહ બાકી છે, ત્યારે તંત્રને આશા છે કે કુલ વસૂલાતનો આંકડો રૂ.1800 થી રૂ.1850 કરોડ સુધી પહોંચી જશે. બીજી તરફ, નાણાકીય વર્ષના અંતે વિકાસ કામોના બિલોની મંજૂરીમાં પણ ભારે ઝડપ જોવા મળી રહી છે. ચાલુ માર્ચ મહિનામાં જ અંદાજે રૂ.1200 કરોડના કેપિટલ ખર્ચના બિલો મંજૂર થવાની સંભાવના છે, જેમાં તાપી રિવર ફ્રન્ટ બરાજ અને નવા વહીવટી ભવનના કામો માટે જ અંદાજે રૂ.200 કરોડના બિલો મંજૂર થઈ શકે છે.

## ગરમીમાં કામ કરીને શેરડીના રસથી લોકોને ઠંડક આપતી મહિલા



■ સામાન્ય રીતે શેરડીના રસ માટે મશીન આવી ગયા છે. જો કે છેલ્લા પાંચ સાત વર્ષથી હવે હાથથી લાકડાના કોલામાં રસ નીકળતો જોવા મળે છે. ત્યારે એક મહિલા લોકોને ઠંડક પહોંચાડવા માટે પોતે ગરમીમાં રસ કાઢી જોવા મળી હતી. (તસવીર : હેમંત ડેરે)

## આજે સુરત મનપાની તમામ કચેરીઓમાં વંદે માતરમ ગવાશે

સુરતઃ રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'નાં 150 વર્ષ પૂર્ણ થવાના અવસરે સુરત મહાનગરપાલિકા દ્વારા ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. મનપા કમિશનરના પરિપત્ર અનુસાર આવતીકાલે 24 માર્ચ-2026ના રોજ સવારે 10:30 કલાકે મુગલીસરા સ્થિત મુખ્ય કચેરી સહિત તમામ ઝોન ઓફિસો, હેલ્થ સેન્ટર્સ, હોસ્પિટલ્સ અને શાળાઓમાં 'વંદે માતરમ્'ના મૂળ સ્વરૂપનું સામૂહિક ગાન કરવામાં આવશે. આ કાર્યક્રમ માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સવારે 10:15 વાગ્યા સુધીમાં નિયત સ્થાને હાજર રહેવા સૂચના અપાઈ છે. 23થી 31 માર્ચ દરમિયાન સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પ્રાથમિક અને સુમન શાળાઓમાં વિશેષ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

# ડિંડોલીમાં પિતાના વિરહમાં 16 વર્ષીય પુત્રીએ ફાંસો ખાધો

**છ મહિના** પહેલા કવિતાના પિતાનું બિમારીમાં અવસાન થયું હતું

સુરતઃ ડિંડોલીમાં પિતાના અવસાનના વિરહમાં રહેતી 16 વર્ષીય પુત્રીએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. છ મહિના પહેલા બિમારીમાં પિતાનું અવસાન થઈ ગયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની કવિતા સુનિલ સુતાર (16 વર્ષ) હાલ નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલ લક્ષ્મણનગરમાં માતા તેમજ ભાઈ સાથે રહેતી હતી. ધો. 8 સુધી અભ્યાસ કર્યા બાદ તે માતા સાથે આજણાં ફાર્મ ખાતે ધાગા કટીંગ કરવાનું કામ કરતી હતી. તેના પિતાનું છ મહિના પહેલાં બિમારીમાં અવસાન થયું હતું.

ત્યારબાદ તે સતત પિતાની યાદમાં રહેતી અને અવારનવાર રડતી રહેતી હતી. તેમજ અનેકવાર ઘરમાં પણ વાતો દરમિયાન તે પિતાને યાદ કરતી રહેતી હતી. રવિવારે બપોરે તેણે ઘરમાં પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. કવિતાએ પિતાના અવસાન બાદના વિરહમાં આવીને આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. બનાવને પગલે ડિંડોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સહરા દરવાજા પર BRTS બસની ટક્કરથી મોત

**પોલીસે** ચાલકની ધરપકડ કરી

સુરતઃ સહારા દરવાજા વિસ્તારમાં બેદરકારીથી દોડતી BRTS બસે એક અજાણ્યા વ્યક્તિને અડફેટે લેતા તેનું મોત થયુ છે. ઘટનાને લઈને મહિધરપુરા પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પુણાગામના આઈ માતા ચોક નજીક મોડલ ટાઉન જલારામ-૦૨માં રહેતા રાવલચંદ મોતીલાલ શર્મા (ઉ.વ. ૨૫)એ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૨૦:૪૦ વાગ્યાના સમયગાળા દરમિયાન સહારા દરવાજા ખાતે ટ્વીન ટાવર બિલ્ડિંગ સામે સિટી યુનિયન બેંકના ATM નજીક જાહેર રોડ પર એક પુરૂષ (ઉ.વ. આશરે ૩૫) ચાલતો જઈ રહ્યો હતો.તે દરમિયાન BRTS બસ (નંબર GJ-05-CU-7911)ના ચાલક દેવકુભાઈ હમીરભાઈ બુધેલ (ઉ.વ. ૩૪, રહે. કતારગામ) તેને ટક્કર મારી હતી. જેમાં તેનું મોત થયું હતું. ઘટના અંગે મહિધરપુરા પોલીસે ફરિયાદના આધારે બસ ચાલક દેવકુભાઈ બુધેલ વિરુદ્ધ ગુનો નોંધી તેને અટકાયતમાં લીધો છે અને અકસ્માતના ચોક્કસ કારણોને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# વિસ્કોસ ફિલામેન્ટ પર ADDની DGTRની ભલામણથી ચિંતા

**ચીનથી** સસ્તી આયાતને રોકવા 5.48%થી 20.87% સુધી ડ્યૂટીની દરખાસ્ત

સુરતઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા ચીનથી આયાત થતા વિસ્કોસ રેયોન ફિલામેન્ટ યાર્ન (VRFY) પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લગાવવાની ભલામણ કરવામાં આવતાં દેશનાં ટેક્સટાઈલ ક્ષેત્રમાં ચર્ચા તેજ બની છે. ખાસ કરીને સુરતના વિવિંગ ઉદ્યોગ પર તેની સીધી અસર પડશે તેવી ઉદ્યોગકારોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

DGTRએ વિવિધ ઉત્પાદકો અને નિકાસકારો મુજબ VRFY આયાત પર 5.48 ટકાથી 20.87 ટકા સુધી (CIF કિંમત આધારે) એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવાની ભલામણ કરી છે. કેટલાક કિસ્સાઓમાં 75 ડેનિયરની ઉપરના યાર્ન પર પ્રતિ કિલો રૂ.36થી રૂ.107 સુધીની ડ્યૂટીનો પ્રસ્તાવ છે. જો કેન્દ્રીય નાણા મંત્રાલય DGTRની આ ભલામણ સ્વીકારશે તો આ ડેનિયરનું આયાતી યાર્ન આવતું જ બંધ થઈ જશે. કારણ કે, વિવર્સને કિલોએ તોતિંગ ઈમ્પોર્ટ ડ્યૂટી ભરવાની પરવડશે નહીં.

સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ વિસ્કોસ યાર્ન પર મોટા પ્રમાણમાં આધારિત છે. શહેરમાં દર વર્ષે અંદાજે 25,000થી 30,000 મેટ્રિક ટન વિસ્કોસ યાર્નની માંગ રહે છે. સુરતમાં આધુનિક એરજેટ લૂમ્સ પર એથેનિક વેર, કુર્તી અને હાઈ-ફેશન ગારમેન્ટનું ઉત્પાદન મોટા પાયે થાય છે. જો આયાત મોંઘી બનશે તો ઉત્પાદન ખર્ચમાં વધારો થશે અને ગ્લોબલ માર્કેટમાં સ્પર્ધાત્મકતા ઘટવાની શક્યતા ઉદ્યોગકારો વ્યક્ત કરી રહ્યા છે.

ભારતીય બજારમાં ચીન દ્વારા વિસ્કોસ યાર્નની મોટા પ્રમાણમાં સસ્તી સપ્લાય થતી હોવાના કારણે સ્થાનિક ઉત્પાદકોને ભારે સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. DGTRએ પોતાના અભ્યાસમાં નોંધ્યું છે કે આ સ્થિતિ સ્થાનિક ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહી છે, જેના કારણે એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવાની ભલામણ કરાઈ છે.

## કતારગામમાં મનપાની સફાઈ ઝુંબેશ, 53 હજાર દંડ વસૂલાયો

સુરતઃ કતારગામ વિસ્તારમાં કિરણ હોસ્પિટલથી દીપુનો ટેકરો, ટોરેન્ટ પાવર અને જૂની ઝોન ઓફિસ રોડ તેમજ ગોટાલાવાડી વોર્ડમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન કુલ 80 સંસ્થાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. કચરાનું સેગ્રીગેશન (વર્ગીકરણ) ન કરતી સંસ્થાઓ અને લાઈસન્સ વગર વ્યવસાય કરતાં એકમો વિરુદ્ધ લાલ આંખ કરી 45 ઈસમ સામે પગલાં લેવાયાં હતાં. આ દરમિયાન 32 કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક અને 13 કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરી કુલ 53,000 રૂ.નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો. જ્યારે ગંદકી ફેલાવનાર 35 સંસ્થાને નોટિસ ફટકારાઈ હતી. સફાઈની સાથે સૂકો-ભીનો કચરો અલગ રાખવા માટે સમજ અપાઈ હતી.

# રાયકા સર્કલ પાસે મનપા સામે ફેરિયાઓનો હલ્લાબોલ

**ગલીઓની** લારીઓ જપ્ત કરાતા 'તાનાશાહી'ના આક્ષેપો

સુરતઃ મનપાની ટીમે પાંડેસરા વિસ્તારમાં રાયકા સર્કલ નજીક દબાણો હટાવતા મામલો ગરમાયો હતો. રાયકા સર્કલ અને તેની આસપાસના વિસ્તારોમાં શાકભાજી તથા ફળ વિક્રેતાઓની લારીઓ જપ્ત કરવામાં આવતા ગરીબ અને મધ્યમ વર્ગના શ્રમિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ટ્રાફિક અને દબાણ હટાવવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે, મનપાની ટીમ દ્વારા રાયકા સર્કલ પાસે રહેણાંક વિસ્તારોની અંદરની શેરીઓમાં ઊભી રહેતી લારીઓના દબાણ દૂર કરતાં દબાણકર્તાઓ રોષે ભરાયા હતા. રસ્તાના કિનારે ઊભેલી લારીઓ ઊંચકીને ટ્રકમાં ભરી દેતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જ્યારે દબાણ વિભાગની ટીમ શેરીઓમાં ઘૂસીને લારીઓ ઉંચકવા લાગી ત્યારે સ્થાનિક વિક્રેતાઓએ એકઠા થઈને તંત્રની આ કામગીરીનો સખત વિરોધ કર્યો હતો અને હલ્લાબોલ મચાવ્યો હતો. ફેરિયાઓએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતુ કે, તંત્ર માત્ર ગરીબોને જ હેરાન કરવાનું જાણે છે અને રાયકા સર્કલ પાસેની આ કામગીરી તંત્રની તાનાશાહી સમાન છે. એક સ્થાનિક શાકભાજી વિક્રેતાએ રડમસ અવાજે પોતાની વ્યથા ઠાલવતા સવાલ કર્યો હતો કે, અમે મુખ્ય રસ્તા પર ટ્રાફિક નથી કરતા, માત્ર ગલીઓમાં ઊભા રહીને પેટિયું રળીએ છીએ, તેમ છતાં અધિકારીઓ અમારી આખી લારી ઊંચકી ગયા. હવે આખા દિવસની મહેનત અને મૂડી બંને ચાલી ગઈ છે, શું ગરીબ માણસને જીવવાનો હક નથી? મનપાની આ કાર્યવાહીને કારણે અનેક પરિવારોના ગુજરાન પર તરાપ વાગી હોવાનું કહીને ફેરિયાઓએ ન્યાયની માંગણી કરી હતી.

## સુરતમાં સરકારી હોસ્પિટલમાં નવા વોર્ડના બાંધકામ માટે રૂ. 526 કરોડનો ખર્ચ

ગાંધીનગર : સુરત શહેરની સરકારી હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ સાથે નવા વોર્ડના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે અને હાલમાં કામ પ્રારંભિક તબક્કે પાયાની કામગીરીના તબક્કે ચાલી રહ્યું છે. સરકાર દ્વારા વિધાનસભામાં રજુ કરેલી વિગતો પ્રમાણે તા. 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ નવા વોર્ડના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે. હાલમાં આ પ્રોજેક્ટ મકાનના પાયા (ફાઉન્ડેશન)ની કામગીરીના તબક્કે છે. આ પ્રોજેક્ટ પાછળ કુલ રૂ. 526.46 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ બાંધકામ કાર્ય ઓક્ટોબર 2027 સુધી પૂર્ણ થવાની સંભાવના છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે ત્યારે એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપવામાં આવી હતી.

# વરાછામાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો બદલ બાંધકામ સાઈટ્સ દંડાઈ

**બાંધકામ** સાઇટ્સ અને રહેણાક વિસ્તારો પાસેથી 48,000 રૂ.નો દંડ વસૂલાયો

સુરતઃ મનપાના વરાછા ઝોનમાં વીબીડીસી વિભાગ દ્વારા તા.16/3/2026થી 21/3/2026 દરમિયાન હાથ ધરાયેલી પ્રિ-મોન્સુન કામગીરીમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા સરવે તેમજ દંડ વસૂલાતની કામગીરી કરવામાં આવી હતી. આ સરવે દરમિયાન ભગુનગર, ઈન્દિરાનગર અને સીતારામનગર સહિતના વિસ્તારોમાં કુલ 65,467 ઘર અને 1,14,087 કન્ટેનરની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી એનોફિલીસ (26), એડીસ (215), ક્યુલેક્ષ (04) અને મિશ્ર (26) મળી કુલ 271 મચ્છર ઉત્પત્તિ સ્થાનો મળી



આવતાં તેનો નાશ કરાયો હતો. આ બેદરકારી બદલ રહેણાક વિસ્તારોમાંથી 3,000 રૂ.નો વહીવટી ખર્ચ વસૂલી 72ને નોટિસ ફટકારવામાં આવી હતી. ઉપરાંત ખાડી મહોલ્લો અને પટેલનગર જેવા વિસ્તારોમાંથી મચ્છરના સંભવિત ઉત્પત્તિ સ્થાન બની શકે તેવા 225 પડતર સામાનના નંગ જપ્ત કરવામાં આવ્યા હતા.

બાંધકામ સાઈટ્સ પર કરવામાં આવેલી તપાસમાં જે.જે. એસ્ટેટ, સીટકો અને મેટ્રો પ્રોજેક્ટ જેવી કુલ 122 સાઈટનું નિરીક્ષણ કરાયું હતું, જેમાં આરાધના ટેક્સટાઈલ માર્કેટ અને ખોડિયાર બિઝનેસ પાર્ક જેવાં બાંધકામોમાં ક્ષતિઓ જણાતાં કુલ 45,000 રૂ.નો વહીવટી ખર્ચ વસૂલી 11 નોટિસ આપવામાં આવી હતી. ઝોન વિસ્તારમાં મળેલા 82 ખુલ્લા પ્લોટના માલિકો સામે પણ નોટિસની કામગીરી કરાશે. મનપા દ્વારા કરંજ સુએજ પંપ, રેલવે કોલોની અને એસ.ટી. ડેપો જેવાં સ્થળોએ ફિશ રિલીઝની કામગીરી પણ કરવામાં આવી હતી. સાથે સાથે આઈ.એફ.એમ. માર્કેટ પુણાગામ અને સારોલી જેવા વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ સાથે IEC દ્વારા જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આગામી સમયમાં જો પાણીની ટાંકીઓ ખુલ્લી જણાશે કે ભંગારનો નિકાલ નહીં કરાય તો વધુ કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### મોઢ પટણી સમાજ ટ્રસ્ટ દ્વારા તા.26મીએ ચૈત્રી નવરાત્રિનો હવન કરાશે



સુરતઃ સુરતના શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૨૬/૦૩/૨૦૨૬ના રોજ કાલિદાસ ફકીરચંદ લાપસીવાળા મહોલ્લાના ફાળે આવેલા શ્રી મોઢ પટણી સમાજની વાડી 'બહુલા બાગ' હરીપુરા મુકામે શ્રી રાજ રાજેશ્વરી ત્રિપુરા સુંદરી બાળા બહુચર માઁની સન્મુખ હવન થશે. જેમાં સવારે બ્રહ્મ મુહૂર્તમાં કેસર સ્નાનથી કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચારથી બપોરે ૧૨ કલાકે શ્રીફળ હોમીને હવનની પૂર્ણાહુતિ થશે. ત્યાર બાદ તેજ દિવસે બીજું હવન શ્રી મોટી બહુચરાજી મંદિર, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ માતાજીના ચાચર ચોકમાં થશે. સાંજે ૭ કલાકે શ્રી બાળા બહુચર માઁ ની મહા આરતી કરવામાં આવશે. શ્રી બાળા બહુચર માઁના દિવ્ય દર્શન નો લાભ લેવા માટે સમાજના પ્રમુખ મનોજભાઈ કાંતિલાલ લોટવાળા અને લાપસીવાળા મહોલ્લાના પ્રમુખ વસંતભાઈ જરીવાલા તેમજ મંત્રી પરેશભાઈ મહેતાએ જણાવ્યું છે.

### લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે પીકલબોલ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ



સુરતઃ ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસો., લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડીયમ ખાતે સૌ પ્રથમ વખત તા. ૨૦-૦૩-૨૦૨૬ને શુક્રવારના રોજ "પીકલબોલ"ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. ટુર્નામેન્ટને પ્રમુખ કનૈયા કોન્ટ્રાકટર અને સેક્રેટરી હિતેશ પટેલના માર્ગદર્શનમાં કન્વીનર ઉર્મિલભાઇ કોન્ટ્રાકટર અને એમની ટીમના સભ્યો અશ્વિનભાઇ ભાદાણી, મિતુલભાઇ મહેતા તથા ટુર્નામેન્ટ કો-ઓર્ડિનેટર અનિલભાઇ જુનેજાની સાથે સાથે કારોબારી સભ્યો ડો. નૈમેષભાઇ દેસાઇ, પરિક્ષીતભાઇ કોન્ટ્રાકટર, હેમંતભાઇ જરીવાલા, હિતેન્દ્રભાઇ મોદી, અતુલભાઇ પટેલ, પ્રમોદભાઈ મદ્રાસી, કિશોરભાઈ પટેલ, તિરૂમાલાબેન ગઢવી, અનિલભાઈ દલાલ, કિરીટભાઇ દેસાઇ, વિપુલભાઈ મુન્શી, રમેશભાઇ શાહ, અને ગોવિંદભાઇ મોદીજોડાયા હતા. સ્પર્ધામાં 150 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

### સરથાણાની કૌશલમ્ ઈ-ટેકનો સ્કૂલના બે વિદ્યાર્થીનું નેશનલ ખો-ખોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

સુરતઃ સરથાણા ખાતે આવેલી કૌશલમ્ ઈ-ટેકનો ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ઉકાણી શ્રેય અને ગોલાણી દિવ્યાંશુએ બેંગ્લોર ખાતે યોજાયેલી જુનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ અને કરંજના ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### વેડરોડના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં બ્રહ્મ મહોત્સવનો પ્રારંભ

સુરતઃ ભગવાન શ્રી સ્વામિનારાયણના 245માં પ્રાગટ્ય પર્વ પૂર્વે ચૈત્રી નવરાત્રીના નવ દિવસ 19 થી 27 માર્ચ 2026 સુધી પૂજ્યપાદ ગુરૂવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદ તથા પૂજ્ય મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી અને પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સુરતમાં નવ દિવસના બ્રહ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાધના, આરાધના અને ઉપાસનાને પોષતા તપ, વ્રત અને ઝૂલા વગેરે ભક્તિમય આયોજનો કરવામાં આવ્યા છે. ઉત્સવના પ્રારંભે પ્રભુ સ્વામી, ધર્મસંભવ સ્વામી, ભક્તિતનય સ્વામી શ્વેત સ્વામી વગેરે સંતોએ બ્રહ્મ મહોત્સવ ઉપક્રમે ભગવાનનું પૂજન અર્ચન કર્યું હતું. ધર્મવલ્લભદાસજી સ્વામીએ સર્વે સંતોને સાધના, આરાધના અને ઉપાસનાના અનુષ્ઠાન રૂપ તપ વ્રત ભક્તિ પૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી પ્રાર્થના રૂપે નાડાછડી બાંધી દીક્ષા આપી હતી.

### 'સંસ્કારકુંજ જ્ઞાનપીઠ'માં "સંસ્કારકુંજ કાર્નિવલ - 2026"નું આયોજન


સુરતઃ શહેરની જાણીતી શાળા 'સંસ્કારકુંજ જ્ઞાનપીઠ'દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે "સંસ્કારકુંજ કાર્નિવલ - 2026"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, ટેકનોલોજી પ્રત્યેની સમજ, સામાજિક અને ધાર્મિક મૂલ્યો સાથે તેમની કલ્પનાશક્તિને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવશે. મનોરંજન સાથે જ્ઞાનનું સંકલન કરતું આ આયોજન વિદ્યાર્થીઓ માટે અનોખું મંચ પૂરું પાડશે. શાળા સંચાલન દ્વારા વાલીઓ, પરિવારજનો અને મિત્ર મંડળને સહભાગી બની આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### શક્તિ માપની હોય ત્યાં સુધી સારૂં છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઇઃ મુંબઇના મલાડ(પૂર્વ) લબ્ધિનિધાન શ્રી શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં ચૈત્ર મહિનાની શાશ્વતી નવપદની આયંબિલની ઓળીની આરાધના કરાવવા માટે યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાનાં શિષ્યરત્ન આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ, મુનિ પ્રીતદર્શનજી મ. અને મુનિ પ્રેમદર્શનજી મ. ની પધરામણી થતાં જૈન બેન્ડ સાથે પૂજ્યોનો પ્રવેશ થયો હતો. પ્રવેશ બાદ ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન પ્રસંગે ત્રણેય પૂજ્યોએ પ્રવચન કર્યું હતું. આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે કહ્યું હતું કે, સામ્પ્રત સમયમાં શક્તિ અને આસક્તિનો વિકાસ ખૂબ થયો છે. શક્તિઓ વધવાનાં કારણે મહાસત્તાઓ અત્યારે ટકરાઇ રહીં છે. શક્તિ માપની હોય ત્યાં સુધી સારું છે પણ જો તે શક્તિઓ નિયંત્રણમાં ન રહે તો ભારે વિનાશ વેરે છે. સમગ્ર વિશ્વ આ શક્તિ સમ્રાટોનાં કારણે હલબલી ગયું છે. અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે જીદે ચડ્યા છે. હું કહું તેમ તમામ દેશોએ કરવું જોઇએ તે એમની જીદ છે. શક્તિ સારી ચીજ છે પણ એનો અહંકાર ન કરવો જોઇએ.

### આઠમાં પગારધોરણમાં પેન્શનર્સનો ઉલ્લેખ નહીં કરાતાં 25મીએ સુરતમાં વિરોધ રેલી



સુરતઃ સુ જિ પે એસોસિએશન સુરતની સભા પ્રમુખ મનહરભાઈ લાપસીવાળાના અધ્યક્ષ સ્થાને નાનપુરા સુરત ખાતે કેન્દ્ર સરકારના આઠમા પગાર પંચમાં કર્મચારી અને પેન્શનર્સને મળનાર લાભોની ચર્ચા માટે મળી હતી. પ્રમુખ મનહરભાઈ લાપસીવાલાએ સભાને જણાવ્યું હતુ કે, કેન્દ્ર સરકારે તા 25/ 3/ 25 ના રોજની લોકસભામાં કર્મચારીના આઠમા પગાર ધોરણ માટે ચર્ચા કરી અને પેન્શનર્સ માટે કોઈ ઉલ્લેખ થયો નહોતો. જેથી આ બાબતે ગુજરાત રાજ્યના પેન્શનર સમાજે તા. 25/ 3/ 26 ના બુધવાર સાંજે ચાર વાગે જિલ્લા કક્ષાએ કલેકટરને આવેદનપત્ર આપવા માટેની રેલી કાઢવાનું નક્કી કર્યું છે. સભામાં ભરૂચના પ્રમુખ પરસોત્તમભાઈ આહીર, બારડોલીના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, કામરેજના આગેવાન કાંતિભાઈ સોલંકી, સોમાભાઈ પટેલ વ્યારાના નવીનભાઈ ગામિત, ઓલપાડના પ્રમુખ કરસનભાઈએ તેમના વિચારો રજૂ કર્યા હતા.સભાનું સંચાલન હસમુખભાઈ નાયક એ કર્યું અને જયંતીભાઈ લાપસીવાળાએ આભાર વિધિ કરી હતી.